હા... સાહેબ !

'આજકાલ પક્ષ પલ્ટાનું બજાર જોરમાં છે નહીં...'

'સાહેબ એ તો રહેવાનું. તમારો પક્ષ હોય કે અમારો.. છાપરાં કૂદ તો ચાલવાની જ છે.'

'...પણ આ વખતે વધારે પક્ષ પલ્ટા થાય છે એવું નથી લાગતું...? આખું રાજકારણ તકલાદી અને તકવાદી થઈ ગયું હોય એવું લાગે છે.'

'હેં... સાહેબ... આ શિખવાડયું કોણે...?

'તમે તો શરૂઆત કરી ગુજરાતથી... સત્તાની ભૂખ એટલી હદે પહોંચી કે પંચાયતો તોડી, પાલિકાઓ તોડી અરે ધારાસભ્યો અને સંસદ સભ્યોને પણ પક્ષપલ્ટા કરાવ્યા છે... ને તમારા પક્ષે તો દાટ વાળ્યો છે દાટ...'

'ઓ હો હો. તમે તો અત્યાર સુધી યજ્ઞો જ કરતાં હતા એમ. તમે કોની, કંઈ, કેટલી વખત સત્તા ઉઠલાવી છે એ દેશ અને દુનિયા જાણે છે. આ તો દ્રાક્ષ ખાટી છે તેવો ઘાટ થયો છે.'

'તમે સમજો જ છો... રાજકારણમાં તો આવું જ હોય. અહીં તો વાયદાબજાર પાવરફુલ હોય અને ખરીદ-વેચાણ ધમધમે. આ બધુ લોકસભાની ચૂંટણી સુધી ચાલશે.'

'અલ્યા..હા, મને યાદ આવ્યું. તમારા પક્ષમાં આજે બોર્ડ નિગમોની નિમણુંક ચર્ચાવાની હતી એનું તો કહો...'

'અરે હજુ વાર છે વાર. યોગ્ય સમયે થઈ જશે.'

'ખરું છે હોં, તમારું કાંઈ સમજાતું નથી હો... કાર્યકરોને રાહ જોવડાવ્યે જ રાખવાની, જોવડાવ્યે જ રાખવાની અને કામ કરાવ્યે જ રાખવાનું, કરાવ્યે જ રાખવાનું. કોઈક દિવસ જો જો બોઈલરની જેમ ફાટશે.'

'તમે તમારી ચિંતા કરો ને. ઘરના ઠેકાણાં નથી અને પાડોશીની પંચાત કરવી છે. અમારી તો શિસ્તબધ્ધ પાર્ટી છે. ઉની આંચ નથી આવવાની. ગઢમાંથી એક કાંકરો ખરે તો કહેજો ને...'

'રહેવા દો, રહેવા દો. ૧૯૯૬માં જોયું નહોતું, કાંકરી નહીં, આખો ગઢ ખરી પડયો હતો. અમારે ગઢ તોડવાય નથી અને જીતવાય નથી. પણ તમારાં કાર્યકરોની જે વેદના છે ને તેને સાંભળશો તો ખબર પડશે.'

'ના...ના... તે તમને કહેવા આયા એ ? અમારા કાર્યકરો તો અમારી મૂડી છે. કાર્યકરોના આધારે તો પાંચ પાંચ ચૂંટણીઓ જીત્યા છીએ ગુજરાતમાં...તમે જીતી બતાવો ને...'

'આ હા.. હું એજ કહું છું. તમે જીતો છો એમાં ના નહીં. તમારી મૂડી છે એની ના નહીં પણ હવે કાર્યકરો થાકયાં છે. નાસીપાસ થયા છે. એમનું કોઈ સાંભળતું જ નથી. એવી એમની ફરિયાદમાં દમ છે અને બસ્સો-અઢીસો ડિરેકટરો અને ચાલીસ-પચાસ ચેરમેનોની જગ્યા ખાલી છે તેમ છતાં નિમણુંકો કરાતી નથી એનો કાર્યકરોમાં રોષ છે.'

'પણ. તમે આમાં સ્વાહા કેમ કરો છો. અમારો પ્રશ્ન છે, અમે ઉકેલી દઈશું.'

'સાહેબ... ગુસ્સે ના થાવ. તમે ઉકેલો કે ના ઉકેલો. તમારો પક્ષ છે. તમારી સમસ્યા છે. પણ દરેક પક્ષોમાં કાર્યકરોનું શોષણ થતું હોય છે એ તો તમારે સ્વીકારવું જ પડશે.'

'ચોકકસ...મારે કે તમારે નહીં બધાએ સ્વીકારવું પડશે. સક્રિય નાગરિકો અને રાજકીય પક્ષોના કાર્યકરો જ લોકશાહીના પાયામાં છે અને સૌએ તે સ્વીકારવું જ પડશે એમ જ ને...'

'હા..સાહેબ..હા...'

ચલો ચલે સ્કૂલ હમ... - નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે નાના-નાના બાળકો ઉલ્લાસભર્યા વાતાવરણમાં મમ્મી-પપ્પાની સાથે સ્કૂલે પહોંચ્યા હતા... આશા અને અરમાનો સાથે આરંભાતો શાળાનો પ્રથમ દિવસે બાળકો અને વાલીઓ માટે રોમાંચક બની રહે છે... સમગ્ર શહેરના જનજીવનમાં પણ શાળાઓના આરંભથી નવો ધબકાર ઉમેરાયો છે... શાળાના સંકુલો બાળકોના કિલ્લોલથી ગુંજી ઉઠ્યા હતા...

જિલ્લાની વિવિધ શાળાઓમાં ૨૪૭૧ દિવ્યાંગ બાળકો શિક્ષણ મેળવે છે

સૌથી વધુ દિવ્યાંગ બાળકો ગાંધીનગર તાલુકામાં, ઓછુ વિઝન ધરાવતા બાળકોની સંખ્યા ૫૬૫ નોંધાઈ છે, ૧૫૧૭ કુમાર અને ૯૪૫ કન્યાઓ દિવ્યાંગતા ધરાવે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના વિવિધ ૬૯૦ પ્રાથમિક શાળાઓમાં ૨૪૭૧ જેટલા દિવ્યાંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

આ દિવ્યાંગ બાળકોમાં ૧૫૧૭ કુમાર છાત્રો અને ૯૪૫ કન્યા છાત્રા છે. સૌથી વધુ દિવ્યાંગ બાળકો ગાંધીનગર તાલુકમાં ૮૮૧ નોંધાયા છે જ્યારે સૌથી ઓછા બાળકો માણસા તાલુકામાં ૩૩૪ નોંધાયા છે. કલોલમાં ૬૩૪ બાળકો અને દહેગામમાં ૬૨૨ બાળકો દિવ્યાંગ નોંધાયેલા છે.

જે કન્યા છાત્રા દિવ્યાંગ તરીકે નોંધાયેલ છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૪૨૩, કલોલમાં ૨૫૪, દહેગામમાં ૨૩૩ અને માણસામાં ૧૪૩ છાત્રાઓનો સમાવેશ થાય છે.

જયારે કુમાર છાત્રો જે દિવ્યાંગ બાળકો તરીકે શાળામાં નોંધાયેલા છે તેમાં ગાંધીનગરમાં ૫૫૭, દહેગામમાં ૩૮૯, કલોલમાં ૩૮૦ અને માણસામાં ૧૯૧ કુમારનો સમાવેશ થાય છે.

મળતી વિગતો મુજબ સંપૂર્ણ અંધત્વ ધરાવતા બાળકોની સંખ્યા ૮૦ છે જ્યારે ઓછી દૃષ્ટિ ધરાવતા બાળકોની સંખ્યા ૫૬૫ છે. ઈન્ટલ એક્ચ્યુઅલ ડીસેબીલીટી ધરાવતા

● અનુસંધાન પાન-૭ પર

વરસાદ મોડો પડશે, પરંતુ ધોધમાર પડશે

ગાંધીનગરના હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મત મુજબ તા. ૧૪મી જૂન પછી વરસાદી ઝાપટાં પડશે : નિયમિત ચોમાસુ જૂનના અંતમાં બેસશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ઉપરાંત સમગ્ર રાજયમાં વરસાદની કાગડોળે રાહ જોવાઈ રહી છે ત્યારે શહેરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલના વર્તારા મુજબ નિયમિત ચોમાસુ મોડું પડશે પરંતુ ધોધમાર વરસશે.

અંબાલાલ પટેલે ચોમાસા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે આ વર્ષે ચોમાસુ ભલે મોડુ પડયું હોય પરંતુ વરસાદ ધોધમાર થશે. હાલમાં વરસાદી ઝાપટાં કયાંકને કયાંક પડી રહ્યા છે, પરંજુ હજુ સારા વરસાદના વાવડ નથી. પૃથ્વી ઉપર હવા, પવન, વનસ્પતિ, પક્ષી, જીવજંતુ, આકાશ, સૂર્ય, ચંદ્ર વગેરેનો દાર્શનિક ફેરફાર નિયમિત ચોમાસાના સૂચક નથી એટલે નિયમિત ચોમાસાની હજુ વાર છે. જયાં સુધી આકાશમાં હીમ ચાદર ના બને ત્યાં સુધી ડુંવાળા વાદળો રહે. આ વખતે ઓરમડીના વાદળો પણ મોડા આવ્યા છે. જયાં સુધી દરિયાઈ ઓરમ સંતૃમ ના થાય ત્યાં સુધી હવામાં પૂરતો ભેજ ના રહે. વળી, આકાશમાં નીચે હીમચાદર પણ બનવામાં નથી. ઉત્તર-પશ્ચિમ તરફથી આવતી ગરમ હવા વાદળોને વિખેરી નાંખે છે. આ હવા ઘણે ઉંચે હોય છે જે વાદળોને ઠરવા દેતી નથી. વળી, સ્થાનિક ગાજવીજ પણ થતી નથી. આવા સંજોગો ધીરે ધીરે તા. ૧૪થી ૨૦માં સાનુકુળ થવાની શકયતા રહે અને પાકિસ્તાન તરફથી આવતી ગરમ હવા પણ ધીરે ધીરે ઠંડી થતા વરસાદી વાતાવરણ સાનુકૂળ રહેશે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર તા. ૧૪થી ૨૦માં વરસાદ કે વરસાદી ઝાપટાં પડવાની શકયતા રહેશે. કોઈ કોઈ જગ્યાએ વરસાદ પણ પડે. દરિયાકિનારે પવનનું જોર રહે. તા. ૧૪થી ૧૬માં દરિયો ભારે તોફાની બને. સમ્ર પવનો ફુંકાય, જો કે

● અનુસંધાન પાન-૭ પર

ડીગ્રેડેબલ બેગમાં ખરીદી કરનાર ગ્રાહકોને ૫૦૦થી વધુની ખરીદી પર ૨ ટકા વળતર

ગાંધીનગર મીઠાઈ ફરસાણ એસો.ની મહત્વની જાહેરાત : પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વેપારીઓનું મનપા દ્વારા સન્માન કરાયુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં જે ગ્રાહકો કપડા કે અન્ય બાયો ડીગ્રેડેબલ મટીરીયલ્સમાંથી તૈયાર કરેલ બેગ સાથે લાવી તેમાં રૂ. ૫૦૦થી ઉપરની ખરીદી કરનારને ૨ ટકા વળતર આપવાની જાહેરાત મીઠાઈ - ફરસાઈ વેપારી એસોસીએશન દ્વારા કરવામાં આવી છે.

આજે પર્યાવરણ અને સ્વચ્છતા સપ્તાહની ઉજવણીના સમાપન પ્રસંગે આ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. મનપાએ આજે પ્લાસ્ટીકનો વપરાશ બંધ થાય તે માટે પગલાં લેવાની પહેલ કરનાર વેપારીઓનું સન્માન મનપાની કચેરીએ કરવામાં આવ્યું હતું.

આ સન્માન મેળવનાર વાણિજ્ય એકમોમાં ડોમિનોઝ પીઝા, ફોરચ્યુન ઈન હવેલી, ડી-માર્ટ, રિલાયન્સ ફ્રેશન, દાદીશા

● અનુસંધાન પાન-૭ પર

સ્વચ્છતા મિશન અંતર્ગત જિલ્લાને મે માસની ગ્રાન્ટ મળી

ગાંધીનગર, તા.૧૧

સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સફાઈની કામગીરી માટે મે મહિનાની ગ્રાન્ટનો હપ્તો સરકાર દ્વારા છૂટો કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાને રૂ. ૧૮,૫૧,૪૬૪ની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. ટોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને તથા ગામની શેરીઓની સફાઈ કરીને લેન્ડફિલ્ડ સાઈટ સુધી કચરો લઈ જવા માટે વ્યક્તિ દીઠ માસિક રૂ. બે લેખે આ સહાય રાજ્ય સરકાર ચુકવે છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની વસ્તી ૯,૨૫,૭૩૨ જે નોંધાયેલી છે તેને ધ્યાને રાખી આ રકમ છુટી કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. સદર ગ્રાન્ટની રકમ જિલ્લાને મળતા તે હવે ગ્રામ પંચાયતોને ફાળવી દેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના આંગણવાડી કેન્દ્રોનું મેપીંગ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં ચાલતી એક હજારથી વધુ આંગણવાડીઓનું મેપીંગ કરવામાં આવશે. મહિલા અને બાળ વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મેપીંગની કાર્યવાહી એક માસમાં પૂર્ણ કરી દેવાશે. આ મેપીંગની સાથે સાથે મંજૂર મહેકમ સહિતની વિગતો પણ અપડેટ કરી દેવામાં આવશે અને તે પ્રસિધ્ધ કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આંગણવાડીઓનું મેપીંગ કરી અને તે અંગેના અહેવાલ પણ મહિલા-બાળ વિકાસ કમિશનરશ્રીને મોકલી આપવામાં આવશે.

રાજય સરકારે તાજેતરમાં ચાલતી આંગણવાડીઓનુ મેપીંગ કરવા માટેની સૂચના આપી હતી જેથી નવી મંજૂર કરવામાં સરળતા રહે તેમજ તેમાં કોઈ અન્ય વહીવટીય ગુંચવાડાઓ ઉભા ના થાય એટલું જ નહિ પણ બાળ કૌશલ્યના વિકાસ પર પુરેપુરું ધ્યાન કેન્દ્રીત કરી શકાય.

કલોલ નગરપાલિકામાં કોંગ્રેસે સત્તા હાંસલ કરી

ભાજપના તિમિર જયસ્વાલને પ્રમુખપદ તો કોંગ્રેસના પ્રકાશ વરખડેને ઉપપ્રમુખ પદ અપાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાની સૌથી મોટી નગરપાલિકા કલોલ પર આજે ભાજપના બળવાખોરો સાથે હાથ મિલાવી કોંગ્રેસે કબ્જો કર્યો છે. કલોલ નગરપાલિકામાં કોંગ્રેસે ૨૨ વર્ષ પછી સત્તાના સૂત્રો સંભાળ્યા છે.

આજે વિજય બાદ કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે ભાજપે નગરપાલિકામાં ભય રાખ્યા સિવાય ભૂખ ભાખે તેટલો ભ્રષ્ટાચાર કરતાં નગરજનોની લાગણીને વાચા આપવા અમારી સાથે ભાજપના જ ચાર સભ્યો જોડાયા છે. અમે ગરીબો, મધ્યમવર્ગની જનતાને સાચા અર્થમાં રાહત મળે અને ભ્રષ્ટાચાર મુકત વહીવટ આપીશું.

કલોલ નગરપાલિકા જે ૨૨ વર્ષથી ભાજપ પાસે હતી. આજે નવા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં ભાજપમાંથી આવેલ તિમિર જયસ્વાલને ૨૪ મત મળતાં તેઓને વિજેતા જાહેર કરાયા હતા જયારે ભાજપના ઉમેદવારને ૨૦ મત મળ્યા હતા. ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના પ્રકાશભાઈ વરખડેને ૨૪ મત મળતાં તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

કલોલ નગરપાલિકા ભાજપે ગુમાવતાં જિલ્લા ભાજપમાં સોંપો પડી ગયો છે. ભાજપના સંગઠન સામે કાર્યકરોનો રોષ વ્યકત થવા લાગ્યો છે. જિલ્લા ભાજપના પ્રમુખ પણ કલોલ તાલુકામાંથી આવે છે. તેઓ સતત બીજી ટર્મ માટે પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળી રહ્યા છે. જો કે કલોલ નગરપાલિકાને

● અનુસંધાન પાન-૭ પર

PUBLIC NOTICE

IN THE COURT OF MACT(AUX.) SHRI D.L.PATEL, MAHISAGAR AT LUNAWADA, GUJARAT

MACP NO :- 1616/17
Fixed On :- 25/06/2018

Appellant : Koyabhai Shivabhai Pagi
Against
Deffendant : 1. Jayeshbhai Pursottambhai Nayak
Res at- Tragad Gam, Ahmedabad
2. Akash Exploration Service Pvt.
Res- Plot no 2114, Mayur Automobiles, Vil. Seryhad, Dist. Gandhinagar

The aforesaid opponent is hereby informed that the abovesaid apllicant has filed this case against you U/S 163A of Motor Vehicles Act, 1988 for recovery of compensation to the tune of Rs.08,09,600/- you are hereby informed to remain present in person in this Tribunal on date. 25/06/2018 11:00AM for filing of reply of the claim case. You are also hereby informed to remain present on this date with all your written document upon which you rely.

You are hereby given this notice that if you will not remain present on that above said date, the matter will be heard and decided in your absence.

You are hereby also given this notice that on the abovesaid fixed date or before it, if you will fail to furnish your address, no attention will be given on your defence, which may please note.

Given under my hard and the seal of the tribunal on this 07/06/2018.

Drawn by Sign Assitant | Compared by Sign Sheristerdar | Court Seal | By Order Sign Dy. Registar M.A.C.Tribunal,

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

ઉજવે છે

'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ

A ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ

પાંદડું લીલું'ને રંગ રાતો

તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

B 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે જાણીતા વક્તા શ્રી જય વસાવડાની પસંદગીના ગીતોનો કાર્યક્રમ

પ્યાર ઝિંદગી હૈ....

પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા

તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂ.૧૫૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂ.૮૫૦/- (વાર્ષિક)

નીરજ પાઠક, સન્ની શાહ, નયના શર્મા, પંકજ પાઠક

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૬૬૩૩
(૩) સેકટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૬૦૦૪ શ્રી પરાગ શુક્લ(મો) ૯૯૮૪૦૫૯૪૩,૮૮૯૬૩૦૬૬૬૮ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૦૬૨૯૨૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૯૫૫૪૩૬
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૯૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૦૮
(૧૦)સેકટર-૮ મા. ડો.તીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડો. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૫૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઈને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯ | રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ કાર્યક્રમ- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT, KisaN, ashirvad, BENELAVE, DR.FIXIT, TATA STEEL • PIPES • SHEETS, ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com